


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


Azadi Ka Amrit Mahotsav

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. માર્ચ ૩૧, ૨૦૨૩ • ચૈત્ર સુદ ૧૦ સંવત ૨૦૭૯



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi, IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF


FOR PRIVATE CIRCULATION ONLY

## કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ૪૯મી ડેરી ઇન્ડસ્ટ્રીઝ કોન્ફરન્સ યોજાઇ




કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ઇન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા આયોજીત ૪૯મી ડેરી ઇન્ડસ્ટ્રી કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં દેશભરના રાજ્યોના ૨૭૦૦થી વધુ ડેરી ઉદ્યોગકારો-સંગઠનો સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઇ શાહે આ અવસરે ડેરી ઉદ્યોગ-પશુપાલન અને દૂધ સંપાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા વ્યક્તિ વિશેષોને ૧૦ જેટલા એવોર્ડ્સથી સન્માનિત કર્યા હતા. શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દુનિયા માટે ડેરી વેપારનું એક સાધન છે પરંતુ ભારત માટે ડેરી ઉદ્યોગ ગ્રામીણ અર્થવ્યવસ્થા, રોજગારી અને મહિલા સશક્તિકરણ જેવા બહુહેતુક આયામો માટેનો પાયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ડેરી સેકટરની સાચી તાકાત નાના ખેડૂતો અને પશુપાલકો છે તેવો સ્પષ્ટમત વ્યક્ત કરતાં કહ્યું કે, ગ્રામીણ જનજીવનનો મુખ્ય આધાર જ કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન છે. ગ્રામીણ અર્થતંત્રને ગતિ આપવા સાથે લાખો લોકોની રોજી-રોટી અને આજિવીકા સાથે સંકળાયેલું મુખ્ય સાધન ડેરી ઉદ્યોગ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

(Sources : https://cmogujarat.gov.in)

## સાયન્સ સિટી-અમદાવાદ ખાતે નવું સિમાચિન્હ આકર્ષણ ન્યુક્લીયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરી ઉમેરાશે



ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગની ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી વચ્ચે ન્યુક્લીયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગેલેરીની સાયન્સ સિટીમાં સ્થાપના કરવા માટેના એમ.ઓ.યુ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ગાંધીનગરમાં સંપન્ન કરવામાં આવ્યા હતા. આ ગેલેરીનું નિર્માણ સાયન્સ સિટીના પ્લેનેટ અર્થ પેવેલિયનમાં રૂ. ૧૦ કરોડની નાણાંકીય સહાયથી હાથ ધરાવાનું છે જેનું નિર્માણ ૧૨ મહિનામાં પૂર્ણ થવાનો અંદાજ છે. આ ગેલેરીમાં પરમાણુ ઊર્જા સાથે સંબંધિત પ્રદર્શનો દર્શાવવામાં આવશે. ઉપરાંત અણુ ઊર્જા અને તેના શાંતિપૂર્ણ ઉપયોગો વિશે સમાજમાં જાગૃતિ લાવવા વિવિધ વર્કશોપ અને કાર્યક્રમો યોજાશે. (Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.




# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બેંગ્લોર ખાતે ‘સદાકાળ ગુજરાત’ કાર્યક્રમનો શુભારંભ

ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશન અને કર્ણાટક ગુજરાતી સમાજના સંયુક્ત ઉપક્રમે બેંગ્લોર ખાતે ૨૬ માર્ચ ૨૦૨૩ના રોજ ‘સદાકાળ ગુજરાત’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યક્રમના અતિથિવિશેષપદેથી સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના એન.આર.જી. પ્રભાગના રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદશ્રી તેજસ્વી સૂર્યા, કર્ણાટક ભાજપા અધ્યક્ષશ્રી નલિનકુમાર કટીલ અને સાંસદશ્રી પી.સી. મોહન તેમ જ ગુજરાતી સમાજના અગ્રણીઓ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

‘સદાકાળ ગુજરાત’ કાર્યક્રમમાં બિનનિવાસી ગુજરાતી પ્રભાગના સચિવશ્રી ધનંજય દ્વિવેદી, એન.આર.જી. ફાઉન્ડેશનના ડિરેક્ટરશ્રી રોર તથા અધિકારીશ્રીઓ અને ગુજરાતી સમાજ કર્ણાટકના પ્રમુખ કાંતિભાઈ પટેલ તેમજ હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં ગુજરાતી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃતકાળને એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્રથી સૌ સાથે મળી અમૃતમય બનાવે તેવું પ્રેરક આહવાન કર્યું છે. તેમણે જણાવ્યું કે દેશ અને દુનિયામાં જ્યાં ક્યાંય પણ ગુજરાતી વસે છે, ત્યાં વિકાસમાં મદદગાર અને વિકાસના સંવાહક બન્યા છે.

કર્ણાટક અને બેંગ્લોરમાં સ્થાયી થયેલા તથા વિવિધ ક્ષેત્રે સેવાપ્રદાનથી ગુજરાતીતા ઝળકાવનારા ૧૫ જેટલી વ્યક્તિઓનું આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

બિનનિવાસી ગુજરાતી પ્રભાગ અને ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કર્ણાટકમાં વસતા ગુજરાતી પરિવારોને રાજ્યના વિકાસના પ્રતિનિધિ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, કર્ણાટકમાં અલગ-અલગ સ્થળોએ મળીને ૮૪ જેટલા ગુજરાતી સમાજો-સંગઠનો છે, તે સૌ કર્ણાટકના વિકાસ માટે પોતાનું યોગદાન આપીને અહીં પણ ગુજરાતીતા ઝળકાવે છે. ‘સદાકાળ ગુજરાત’ કાર્યક્રમ ગુજરાતના સર્વગ્રાહી અને આધુનિક વિકાસને અન્ય પ્રાંતપ્રદેશમાં વસતા લોકો સમક્ષ ઉજાગર કરવાનો ઉપક્રમ છે, તેની પણ ભૂમિકા શ્રી હર્ષ સંઘવીએ આપી હતી.

(Sources : https://cmogujarat.gov.in)



# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# પ્રથમ હાઇડ્રોજન પ્લેનના નિર્માણમાં ગુજરાતી સામેલ

અમેરિકાના પશ્ચિમ વોશિંગ્ટનમાં યુનિવર્સલ હાઈડ્રોજન કંપની દ્વારા હાઈડ્રોજનથી ચાલતું પ્લેન બનાવી તેની પરીક્ષણ ઉડાનમાં એન્જિનિયરોને સફળતા મળી છે. આ પ્રોજેક્ટ બારડોલીના ફેનિલ દેસાઈની દેખરેખ અને આગેવાની હેઠળ કરવામાં આવ્યો હતો. બારડોલીના ૩૧ વર્ષીય ફેનિલ જયેશભાઈ દેસાઈ બી.ઈ. મિકેનિકલ થઈ ૨૦૧૫માં અમેરિકા ગયા હતા જ્યાં ૨૦૨૧માં હાઈડ્રોજન વિષય પર પીએચ.ડી. પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ યુનિવર્સલ હાઈડ્રોજન કંપનીમાં તેમને નોકરી મળી હતી અને તેમણે કંપનીમાં હાઈડ્રોજન સેલ દ્વારા પ્લેન ઉડાવવાના પ્રોજેક્ટને લીડ કર્યો હતો. ૩ માર્ચે ફેનિલના જન્મદિને હાઈડ્રોજન સેલથી ચાલતા પ્લેન DASH 8-Q300એ ટેસ્ટિંગ માટે સફળ ઉડાન ભરી હતી.



(Source : www.divyabhaskar.co.in)

# અમેરિકામાં બે ગુજરાતી સહિત ભારતીય મૂળની પાંચ મહિલાનું સન્માન કરાયું



હિના પટેલ



ફાલુ શાહ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ધ ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોસિએશન્સ (FIA) અને ન્યૂ યોર્કમાં કોન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે બે ગુજરાતી સહિત પાંચ મૂળ ભારતીય મહિલાનું સન્માન કરાયું હતું. વિવિધ ક્ષેત્રોમાં યોગદાન બદલ ૮ માર્ચે પાંચમા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પ્રસંગે હિના પટેલ અને ફાલુ શાહ સહિતની મહિલાઓનું સન્માન કરાયું હતું. એવોર્ડ મેળવનાર મહિલામાં TEDx સ્પીકર અને ત્રણ રાજ્યમાં ૨૦૦ કર્મચારી ધરાવતી એન્જિનિયરિંગ ફર્મના એક્ઝિક્યુટિવ લીડર હિના પટેલનું પણ આ પ્રસંગે સન્માન કરાયું હતું. FIAના જણાવ્યા અનુસાર હિના પટેલ નોકરી કે કામના સ્થળે મહિલાઓના અધિકારી માટે કામ કરે છે. તેમણે પુરુષ-સ્ત્રી સમાનતાની દિશામાં પણ યોગદાન આપ્યું છે. ગ્રેમી એવોર્ડ વિજેતા ગાયક અને ગીતકાર ફાલુ શાહનું પણ સન્માન કરાયું હતું. જોકે, શાહ ભારતમાં હોવાથી સમારોહમાં હાજર રહી શક્યા ન હતા. ઉલ્લેખનીય છે કે ફાલુ શાહે તાજેતરમાં અમદાવાદમાં ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ મેચના ઉદઘાટન પ્રસંગે ભારત અને ઓસ્ટ્રેલિયાના PMની હાજરીમાં પર્ફોર્મ કર્યું હતું.

(Source : https://navgujaratsamay.com)

# વિશ્વ ગુજરાતી સમાજની આંતરરાષ્ટ્રીય પાંચમી પરિષદ અમેરિકામાં યોજાશે.

વિશ્વ ગુજરાતી સમાજની આગામી પાંચમી આંતરરાષ્ટ્રીય પરિષદ આ વર્ષના અંત સુધીમાં અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં મળશે. તેની સાથે જ સમાજ દ્વારા ગુજરાતના યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન મળી રહે તે માટે આગામી સમયમાં ક્રિકેટ ટુર્નામેન્ટ સહિત વિવિધ રમતોનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સહિત વિશ્વભરમાં ગુજરાતી સમાજનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ સી. કે. પટેલના નેતૃત્વમાં અગ્રણીઓની અમદાવાદ ઓફિસ ખાતે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. લોસ એન્જલસ ખાતે યોજાનાર આ બેઠકમાં ગુજરાતી સમાજના તમામ સંગઠનના પ્રતિનિધિઓ, અગ્રણીઓ, સાહિત્યકારો, સાંસ્કૃતિક કલાકારો, શિક્ષણવિદ, ડોક્ટરો સહિત દેશવિદેશના અનેક અગ્રણીઓ જોડાશે.

ભારતીય સંસ્કૃતિ સાથે ગુજરાતની અસ્મિતા જળવાઈ રહે, ગુજરાતી ભાષાના પ્રચાર પ્રસાર કરવાની સાથે વિવિધ વિષયો પર પરિષદની બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે.

સી. કે પટેલે જણાવ્યુ હતું કે ગુજરાતના લોકો વેપાર ધંધામાં આગળ આવે તેમજ રાજ્યમાં વધુ ને વધુ રોજગારી ઊભી થાય તે ઉદ્દેશ્ય સાથે વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા જૂન કે જુલાઇ મહિનામાં બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવનાર છે જેમાં ગુજરાતના તેમજ ગુજરાત બહારના નાનામોટા ઉદ્યોગો શરૂ કરનાર ગુજરાતી વેપારીઓને બોલાવવામાં આવશે. જેથી તેમને એક જ સ્થળે એકબીજાને મળવાની, પોતાના વેપારનું નેટવર્ક વધારવાની તક મળી રહેશે. સાથે જ અન્ય લોકો દ્વારા પણ નવા વેપાર ધંધા શરૂ કરાતા રાજ્યના લોકોને રોજગારી પણ મળી રહેશે.



(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૦ માર્ચ ૨૦૨૩)

# અમેરિકા આ વર્ષે ૧૦ લાખથી વધુ ભારતીયોના વિઝા પ્રોસેસ કરશે

ભારતીયો માટે વધુ વિઝા સ્લોટ્સ ઓપન કર્યા બાદ અમેરિકાએ આ વર્ષે ૧૦ લાખ ભારતીયોને વિઝા ઇસ્યુ કરવાની જાહેરાત કરી છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ભારત સ્થિત અમેરિકી દૂતાવાસ દ્વારા વધુ સ્ટાફ તહેનાત કરાશે તથા ઇન્ટરવ્યૂ માટે વધુ સ્લૉટ્સ ખુલ્લા કરવામાં આવશે. આ વર્ષે અત્યાર સુધીમાં અમેરિકી દૂતાવાસે બે લાખ વિઝા અરજી પ્રોસેસ કરી છે. દિલ્હી સ્થિત અમેરિકી દૂતાવાસના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં અમે ૧૦ લાખ વિઝા અરજી પ્રોસેસ કરીશું જેમાં તમામ કેટેગરીના નૉન-ઇમિગ્રન્ટ્સ વિઝા અરજીનો પણ સમાવેશ થાય છે. (Source : www.divyabhaskar.co.in)

# ટુરિસ્ટ કે બિઝનેસ વિઝા પર અમેરિકામાં નોકરી કરી શકાશે

અમેરિકામાં ટૂરિસ્ટ વિઝા અથવા બિઝનેસ વિઝા લઈને ગયેલા પ્રવાસીઓને નોકરી કરવાની અને ઇન્ટરવ્યુમાં સામેલ થવાની છૂટ મળી છે. ફેડરલ એજન્સીએ કહ્યું છે કે વ્યક્તિગત રીતે મુસાફરી કરતા લોકો નોકરી માટે અરજી કરી શકશે. જો કે નોકરી કરતા પહેલા તેઓએ તેમનો વિઝા સ્ટેટસ બદલવું પડશે. જો તેઓ વિઝા સ્ટેટસ નહીં બદલે તો તેઓ તેમની નોકરી ગુમાવી શકે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસિસ એજન્સીએ તેના ટ્વિટમાં કહ્યું કે ઘણા લોકોએ પૂછ્યું કે શું તેઓ B1 અને B2 વિઝા સ્ટેટસ પર નોકરી શોધી શકે છે, જેનો જવાબ હા છે. આ વિઝા પર નવી નોકરીની શોધ અને ઇન્ટરવ્યુ એક્ટિવિટીમાં સામેલ થવાની પરવાનગી આપવામાં આવશે. USIS એ કહ્યું કે જ્યારે નોન-માઇગ્રન્ટ્સને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે ત્યારે મોટાભાગના લોકો બીજા વિકલ્પો વિશે જાણતા નથી. તેમની પાસે ૬૦ દિવસમાં દેશ છોડવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. આવી સ્થિતિમાં તેઓ ટૂરિસ્ટ વિઝા પર નોકરી શોધી શકે છે. નોન-માઇગ્રન્ટ્સ માટે આ મોટી રાહત છે.

(Source : www.gujaratsamachar.com)

# કેનેડાની પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ ૧૮ મહિના સુધી વધારાઈ



કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરે જાહેરાત કરી છે કે જેમની પાસે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ(PGWP)ની સમયસીમા પૂરી થઈ રહી છે તેઓ ૬ એપ્રિલ, ૨૦૨૩ સુધી ઓપન વર્ક પરમિટ એક્સટેન્શન માટે અરજી કરી શકશે. કેનેડાની સરકારે PGWP ધારકોની વર્ક પરમિટ ૧૮ મહિના સુધી લંબાવી છે. આ વર્ક પરમિટ એક્સ્ટેંશન એવી કોઈપણ વ્યક્તિ માટે ઉપલબ્ધ હશે જેમની PGWP ૨૦૨૩માં સમાપ્ત થાય છે. આ તે લોકો માટે પણ ઉપલબ્ધ હશે જેમની PGWP ૨૦૨૨માં પૂરી થઈ ગઈ હતી અને ગયા વર્ષે IRCCની ઓપન વર્ક પરમિટ એક્સ્ટેન્શન માટે અરજી કરી હતી.

૬ એપ્રિલથી ઉમેદવારો IRCCની વેબસાઇટ ઉપર એક્સ્ટેંશન માટે અરજી કરી શકશે. અરજી કરનારને વચગાળાના વર્ક પરમિટ ઓથોરાઇઝેશનનો ઈમેઈલ મળશે. આ મેઇલ તેઓ એમ્પ્લોયરને કેનેડામાં કાયદેસર રીતે કામ કરવાનું ચાલુ રાખવા માટે બતાવી શકે છે. કેનેડામાં જેમની સમયસીમા પુરી થઈ ગઈ છે તેઓ પણ તેમના સ્ટેટસ રિન્યૂ માટે અરજી કરી શકશે, પછી ભલે તેઓનો ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા(IRCC) દ્વારા આપવામાં આવેલો ૯૦ દિવસનો છૂટનો સમયગાળો પૂરો થઈ ગઈ હોય. આવી વ્યક્તિઓ પણ ૬ એપ્રિલ સુધીમાં તેમની સમયસીમા ફરી વધારી શકશે અને વચગાળાની ઓપન વર્ક પરમિટ એક્સ્ટેન્શન મેળવી શકશે.

પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે જેઓ કેનેડિયન નિયુક્ત શિક્ષણ સંસ્થા(DLI) ખાતે યોગ્ય શૈક્ષણિક કાર્યક્રમમાંથી ગ્રેજ્યુએટ થયા છે. PGWP આંતરરાષ્ટ્રીય ગ્રેજ્યુએટને કેનેડામાં તેમને ગમતાં કોઈપણ એમ્પ્લોયર માટે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી કામ કરવા સક્ષમ બનાવે છે. કેનેડાના ઇકોનોમિક ક્લાસ ઇમિગ્રેશન પ્રોગ્રામ્સના લીધે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં PGWPs ખૂબ જાણીતો છે. તેમાં ઘણાં પ્રોગ્રામ્સ એવા ઉમેદવારોને પ્રોત્સાહન આપે છે જેમણે કેનેડામાં અભ્યાસ કર્યો છે અને કામ કર્યું છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા રિસર્ચ દર્શાવે છે કે આવો અભ્યાસ અને કામનો અનુભવ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જે કેનેડાના કાયમી નિવાસી બનવા જઈ રહ્યા છે તેમના માટે મદદરૂપ થઈ શકે છે. (Source : www.divyabhaskar.co.in)

# US ગ્રીન કાર્ડ અરજદારોને નોકરી, મુક્ત પ્રવાસનું કાર્ડ મળશે

અમેરિકામાં પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ગ્રીન કાર્ડની રાહ જોઇ રહેલા લોકો માટે મોટી રાહતના સમાચાર છે. પ્રેસિડેન્શિયલ એડવાઇઝરી કમિશને ગ્રીન કાર્ડ એપ્લિકેશનના પ્રારંભિક તબક્કામાં રોજગાર અધિકૃતતા કાર્ડ (EADs) જારી કરવાની શક્યતાની ચર્ચાવિચારણા કરી છે. જો બાઇડન સરકાર આ દરખાસ્તને મંજૂરી આપશે તો ગ્રીન કાર્ડની લાંબી આતુરતાનો અંત આવશે.

કમિશન એવી દરખાસ્ત કરી છે કે EB-1, EB-2, EB-3 કેટેગરીમાં વિઝા અરજીને આધારે માન્ય I-140 એમ્પ્લોયમેન્ટ ધરાવતા તથા પાંચ અથવા વધુ વર્ષોથી વિઝા બેકલોગમાં રાહ જોઇ રહ્યાં છે તેવા વ્યક્તિઓને એમ્પ્લોયમેન્ટ ઓથોરાઇઝેશન ડોક્યુમેન્ટ્સ (EADs) અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ જારી કરવામાં આવે. આવા વ્યક્તિઓએ તેમના સ્ટેટસમાં ફેરફાર કરવા માટે અરજી કરી છે કે નહીં તેને પણ ધ્યાનમાં રાખવામાં આવે નહીં.

(Source : https://navgujaratsamay.com)



# મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં ૨૦ MoU કુલ રૂ. ૧૧,૮૨૦ કરોડના સૂચિત રોકાણો માટે સંપન્ન

'આત્મનિર્ભર ભારત'નો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલો કોલ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણની આ પ્રતિબદ્ધતામાં રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૨માં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરેલી 'ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ' મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ યોજના અન્વયે રાજ્યમાં જુદા જુદા સ્થળોએ ઉદ્યોગ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગકારો અને રાજ્ય સરકાર વચ્ચે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે MoU કરવાનો નવતર ઉપક્રમ યોજાય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ ઉપક્રમના પાંચ તબક્કાઓ પૂર્ણ થયા છે અને કુલ ૫૬ જેટલા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આના પરિણામે ગુજરાતમાં કુલ ૭૯,૩૭૫ કરોડ રૂપિયાનું સૂચિત મૂડીરોકાણ આકર્ષિત થયું છે. એટલું જ નહિ, આ ઉદ્યોગો શરૂ થવાથી ૫૪,૭૩૦ જેટલા લોકોને રોજગાર અવસર પણ આવનારા દિવસોમાં મળતા થશે. 'ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્ટસ ટુ ઇન્ડસ્ટ્રીઝ'ને વધુ ગતિ આપતાં આ સોમવાર તા.૨૦મી માર્ચે એક જ દિવસમાં ૨૦ MoU મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ વિવિધ ઉદ્યોગકારોએ કર્યા હતા. નાણાં-ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતીમાં થયેલા આ ૨૦ MoU દ્વારા રાજ્યમાં રૂ. ૧૧,૮૨૦ કરોડનું સૂચિત રોકાણ આવશે અને ૧૬,૧૦૦ જેટલી સંભવિત રોજગારીનું સર્જન થશે. આ બહુવિધ MoU અન્વયે લિથીયમ-આયન બેટરી મટિરીયલ્સ એન્ડ એડવાન્સ ફાર્મા ઇન્ટરમીડીયેટ, ડેન્સ સોડા એશ, ફૂડ પ્રોસેસિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ, API, ક્રાફ્ટ એન્ડ ડૂપ્લેક્સ પેપર-બોર્ડ, પર્સનલ કેર માટેની સ્પેશ્યાલિટી પ્રોડક્ટસ વગેરે ક્ષેત્રોના ઉદ્યોગોમાં રોકાણો આવશે. આ ઉદ્યોગો દહેજ, સાયખા, ઝઘડિયા, સચિન, સરીગામ અને અંકલેશ્વર તેમજ દ્વારકા, ધોળકા તથા સાદરા-કડી માં પોતાના ઉત્પાદન એકમો દ્વારા ૨૦૨૫ સુધીમાં વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરશે. આ 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ' અન્વયે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે જર્મની, યુ.એસ.એ, યુ.કે, કુવૈત, મલેશિયા સહિતના અન્ય દેશોએ પણ MoU કરેલા છે.

(Source : https://cmogujarat.gov.in)

# યુવા ઉદ્યોગ સાહસિકો-સ્ટાર્ટઅપ્સને સપોર્ટ આપતું અપડેટેડ સ્ટાર્ટઅપ્સ પોર્ટલ લોંચ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે યુવા ઉદ્યોગ સાહસિકો-સ્ટાર્ટઅપ્સને સપોર્ટ આપી ઇઝ ઓફ લિવિંગ વધારવાની દિશામાં વધુ એક પહેલ અપડેટેડ સ્ટાર્ટઅપ્સ ગુજરાત પોર્ટલ લોંચીંગ દ્વારા કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાદર્શનમાં ગુજરાતે વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી ઉદ્યોગ સાહસિકોની ભૂમિનું ગૌરવ મેળવ્યું છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતના આપેલા વિઝનને સાકાર કરવા રાજ્યમાં સ્ટાર્ટઅપ્સ ઇકો સિસ્ટમને વધુ ગતિશીલ બનાવીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સુદ્રઢ આયોજન હાથ ધરાયું છે. તદઅનુસાર, રાજ્યના યુવા ઉદ્યોગ સાહસિકો-



સ્ટાર્ટઅપ્સના નવિનત્તમ સંશોધનો અને લેટેસ્ટ ટેક્નોલોજીને વેગ આપી વિવિધ હિતધારકોને એક જ પ્લેટફોર્મ પર એકસાથે લાવવા સ્ટાર્ટઅપ્સ ગુજરાત પોર્ટલનું અપડેટેડ વર્ઝન કાર્યરત કરવામાં આવ્યું છે. ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતીમાં મુખ્યમંત્રીશ્રીએ લોંચ કરેલ આ પોર્ટલમાં વિવિધ ભાષાઓમાં પોર્ટલ સામગ્રી એક્સેસ કરી શકાશે. એટલું જ નહિ, આ પોર્ટલ પર સ્ટાર્ટઅપ્સ પોતાના બ્રોશર, સિદ્ધિઓ અને સેવાઓ તથા ઉત્પાદનોની વિગતો પ્રદર્શિત કરી શકે તેવી સુવિધા આપવામાં આવી છે. આના પરિણામે ખાનગી ખરીદદારો, રોકાણકારો વગેરે સીધા જ સ્ટાર્ટઅપ્સનો સંપર્ક કરી શકશે. આ પોર્ટલના સ્ટાર્ટઅપ્સ ઈન્ડિયા પોર્ટલ સાથે API જોડાણને કારણે DPIIT દ્વારા માન્ય કોઈપણ સ્ટાર્ટઅપ્સ પોર્ટલ પર અલગથી નોંધણી કરાવ્યા વિના સીધા જ પોર્ટલમાં લોગઇન થઈ શકે છે અને તેની સેવાઓનો લાભ લઈ શકાય છે. સ્ટાર્ટઅપ્સના સૌથી મહત્વપૂર્ણ પાસાંઓ પૈકી એક એવા ઈન્ટલએક્ચ્યુઅલ પ્રોપર્ટી IPR તાલીમ/માર્ગદર્શન માટે સુલભતા વધારવા માટે ગુજરાતના તમામ ૩૩ જિલ્લામાં ફેલાયેલા ૧૦૦ થી વધુ પેટન્ટ માહિતી કેન્દ્રોની યાદી પણ પોર્ટલ પર ઉપલબ્ધ કરવામાં આવી છે, જ્યાંથી સ્ટાર્ટઅપ્સ સંબંધિત માર્ગદર્શન મેળવી શકાય છે. આ ઉપરાંત, આ પોર્ટલ સ્ટાર્ટઅપ્સને ઇન્ક્યુબેટર્સની વિવિધ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ભાગીદારી, રાજ્ય સરકારના અન્ય વિભાગો દ્વારા સ્ટાર્ટઅપને સમર્થનની અપડેટ પણ આપશે. આ પોર્ટલમાં ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, સફળ સ્ટાર્ટઅપ્સ સ્થાપકો, ઇન્ક્યુબેશન મેનેજર વગેરેના ૩૨૫ થી વધુ માર્ગદર્શકો છે, જેમની પાસે ટેકનિકલ તેમજ બિન-તકનીકી માર્ગદર્શન માટે સ્ટાર્ટઅપ્સ પહોંચી શકે છે. તેમ જ એન્જલ રોકાણકારો, વેન્ચર ફંડ્સ, સી ફંડ વગેરે માટે સ્ટાર્ટઅપ્સ સુધી પહોંચવા માટે પોર્ટલ એક સક્ષમ પ્લેટફોર્મ તરીકે કાર્યરત રહેશે.

(Source : https://cmogujarat.gov.in)

# ગુજરાતનો જળ વારસો

## કાંકરિયા, રાણીની વાવ સહિત ગુજરાતની 5 સાઇટ દેશની વૉટર હેરિટેજમાં સામેલ

દેશમાં સૌપ્રથમવાર કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા દેશમાં ૭૫ 'વોટર હેરિટેજ સાઇટ'ની ઓળખ કરાઈ છે, જેમાં પાંચ ગુજરાતની છે. અમદાવાદનું કાંકરિયા, ચંડોળા તળાવ અને સરખેજ રોજા તળાવનો સમૂહ, લોથલની ગોદી, પાટણની રાણીની વાવ, ભુજનું હમીરસર તળાવ અને જૂનાગઢ ભવનાથના સુદર્શન તળાવનો 'વોટર હેરિટેજ સાઇટ'માં સમાવેશ કરાયો છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયને કુલ ૪૨૧ એન્ટ્રી વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય એજન્સીઓ, એનજીઓ અને નાગરિકો દ્વારા મળી હતી. જેમાંથી નિષ્ણાત કમિટીએ ૭૫ વોટર હેરિટેજ સ્ટ્રક્ચર ધરાવતી સાઈટોની ઓળખ કરી છે. જેમાં સૌથી વધુ રાજસ્થાન અને તામિલનાડુમાં ૭-૭ અને મધ્યપ્રદેશમાં ૬, ગુજરાત અને કર્ણાટકમાં ૫-૫, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, આસામ અને મહારાષ્ટ્રમાં ૪-૪, હરિયાણામાં ૩, બિહાર, ઉત્તરાખંડ, કેરાલા અને ઓડિશામાં બે-બે તેમજ દિલ્હી સહિત અન્ય ૧૪ રાજ્યોમાં એક-એકનો સમાવેશ થાય છે.

આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયાના એન્સીઅન્ટ મોનુમેન્ટ એન્ડ આર્કિયોલોજીકલ સાઇટ એન્ડ રિમેઇન એક્ટ ૧૯૫૮ અંતર્ગત વોટર હેરિટેજ સાઇટ અંગે કોઈ જોગવાઈ ન હોવાથી કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે ૭૫ વોટર હેરિટેજ સ્ટ્રક્ચરની ઓળખ કરાઇ છે.

**અમદાવાદના તળાવ :** કાંકરિયા તળાવ ૩૦ હેક્ટરમાં, ચંડોળા તળાવ ૬૭ હેક્ટરમાં અને સરખેજ રોજામાં ૬ હેક્ટરમાં ટાંકીઓ સાથે બે મોટા તળાવ આવેલા છે જે ઈ.સ.૧૪૫૧ આસપાસ નિર્માણ કરાયેલા છે. આ ત્રણે તળાવમાં અમદાવાદ શહેરના કેચમેન્ટ એરિયામાંથી પાણી ભરાય છે.

**પાટણની રાણીની વાવ :** પાટણમાં સરસ્વતી નદીના કિનારે રાજા ભીમદેવ સોલંકીની યાદમાં રાણી ઉદયમતીએ ૧૧મી સદીમાં આ વાવ બંધાવી હતી, જે વર્લ્ડ હેરિટેજ સાઇટ પણ જાહેર થયેલી છે. ભૂગર્ભ જળ સંસાધન અને સંગ્રહ પ્રણાલીનું વિશિષ્ટ સ્વરૂપ છે. આ વાવ ભારતીય પુરાતત્વ વિભાગ હસ્તક છે.

**લોથલ ડોક્સ (ગોદી) :** અમદાવાદ જિલ્લાના સરગવાળા ગામે આવેલ લોથલ ડોક્સ (ગોદી) ભારતીય પુરાતત્વ વિભાગ હસ્તક છે. લોથલ ૫૦૦૦ વર્ષ જૂનું સિંધુ ખીણ સંસ્કૃતિઓનું એકમાત્ર બંદર-નગર હતું. પ્રાચીન લોથલની ગોદી ૨૦૦ મીટર લાંબી અને ૩૫ મીટર પહોળી છે.

**ભુજનું હમીરસર તળાવ :** ભુજનું હમીરસર તળાવ મહાનગરપાલિકા અને રાજ્યરક્ષિત તળાવ છે. ઇ.સ.૧૫૪૮-૮૫ વચ્ચે કચ્છના શાસકો રાવ પ્રાગમલજી બીજા અને રાવ ખેંગારજીએ બંધાવેલું છે. ૪૫૦ વર્ષ જૂનું આ તળાવ ભુજ શહેરનો પાણીનો મુખ્ય આધારસ્તંભ છે.

**જૂનાગઢનું સુદર્શન તળાવ :** જુનાગઢના ભવનાથમાં આવેલું સુદર્શન તળાવ ૧૫૦ વર્ષ જૂનું મનાય છે. જુનાગઢના શિલાલેખ મુજબ સુદર્શન તળાવ કૃત્રિમ જળાશય હતું જે મૌર્ય સમ્રાટો દ્વારા પૂરને રોકવા બનાવવામાં આવ્યું હતું. શક શાસક રુદ્રદમણ-પહેલાના સમયમાં તેનું સમારકામ કરાવાયું હતું.

(Sources & Photo Courtesy : www.divyabhaskar.co.in)


કાંકરિયા તળાવ


પાટણની રાણીની વાવ


લોથલ ડોક્સ (ગોદી)


ભુજનું હમીરસર તળાવ


જૂનાગઢનું સુદર્શન તળાવ

# કેનેડા સરકાર હવે ગુજરાતીમાં માહિતી આપે છે

કેનેડા જનારા ભારતીયોમાં સૌથી વધારે પંજાબી અને ગુજરાતી છે. કેનેડા સરકારે ભારતીયો અંગે સર્વે કરાવ્યો ત્યારે ખબર પડી કે કેનેડામાં તો પંજાબી છે એટલા જ ગુજરાતી પણ છે એટલે કેનેડા સરકારે પોતાની વેબસાઈટમાં વિઝાને લગતા નિયમોની માહિતી ગુજરાતીમાં આપવાનું શરૂ કર્યું છે. અત્યાર સુધી ઇંગ્લિશ, હિન્દી અને પંજાબી ભાષામાં વિઝાની માહિતી અપાતી હતી પણ હવે કેનેડા સરકારે ગુજરાતીઓના પ્રવાહને ધ્યાને લઈ ગુજરાતીમાં પણ નિયમો આપવાનું નક્કી કર્યું છે. www.canada.ca વેબસાઈટમાં સ્ટુડન્ટ, પ્રોફેશનલ્સ અને ફેમિલી માટે વિઝાના નિયમો શું છે તેની માહિતી આપવામાં આવી છે.

(Source : www.divyabhaskar.co.in)




# અકોલા ગુજરાતી સમાજના સહયોગથી ગુજરાતી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા શ્રી અકોલા ગુજરાતી સમાજના સહયોગથી અકોલા ખાતે ગુજરાતી ભાષાનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'ગમતાનો કરીયે ગુલાલ' યોજવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને મ.રા. ગુજરાતી સમાજ મહામંડળના સભ્ય પીઢ સામાજિક કાર્યકર વિજય જાનીના ઉપક્રમે પ્રમિલતાઈ ઓક ઓડિટોરિયમ ખાતે આ સાંસ્કૃતિક કાર્યક્રમ સંપન્ન થયો હતો જેમાં ગુજરાતી નાટ્ય જગતના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાકારોએ ચર્ચા, એકાંકી અભિનય, નવા-જુના ગીતો, ગઝલો, કવિતાઓ વગેરે રજૂ કરીને પોતાની કળા પ્રદર્શિત કરી હતી. ધારાસભ્ય ગોવર્ધન શર્માએ દીપ પ્રગટાવીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો અને એકેડેમીના સભ્યો વિજય જાની અને સંજય પંડ્યાનું શાલ અને શ્રીફળ આપીને સ્વાગત કર્યું હતું. આ અવસરે ગુજરાતી સાહિત્ય અકાદમીના સભ્યો ઉપરાંત અકોલા ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી દીપેન શાહ સહિત અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.bhaskarhindi.com)



(Source : https://navgujaratsamay.com)

# ગુજરાતી સમાજની પહેલ, નિરાધાર વડીલોને ૧૫૦૦ રૂપિયા માસિક પેન્શન, દીકરીઓના લગ્ન માટે ૫૦ હજારની મદદ

ગુજરાતી સમાજ ભોપાલ સામાજિક પરિવર્તન માટે નિત નવા પગલાં ભરી રહ્યો છે. સમાજના વડીલો જેઓ આર્થિક રીતે સક્ષમ નથી, જેમના સ્નેહીજનો છોડી ગયા છે, એવા વડીલોનો ખર્ચ સમાજ ઉઠાવે છે. સમાજે વૃદ્ધો માટે પેન્શન યોજના શરૂ કરી છે જે અંતર્ગત તેમના બેંક ખાતામાં મહિનાની પહેલી તારીખે રૂ. ૧૫૦૦ પેન્શન જમા થઈ જાય છે. હાલમાં સમાજના ૧૫ જરૂરિયાતમંદ વડીલોને આ યોજનાનો લાભ મળ્યો છે. ઉપરાંત ગુજરાતી સમાજ જરૂરિયાતમંદ કન્યાઓના લગ્ન કરાવવા કન્યાદાન યોજના ચલાવી રહ્યો છે. દીકરીના લગ્ન માટે ગુજરાતી સમાજ દ્વારા ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. ગુજરાતી સમાજે અત્યાર સુધીમાં ચારથી પાંચ જરૂરિયાતમંદ કન્યાઓના લગ્ન કરાવ્યા છે જેમના માતા-પિતા નથી અથવા આર્થિક સ્થિતિ નબળી છે. સમાજના હોદ્દેદારો ગુજરાતી સમાજના લોકોના ઘરે ઘરે જઈને વાત કરે છે અને જે દીકરીઓના લગ્ન થવાના છે તેમને આર્થિક મદદ કરવામાં આવે છે.

ગુજરાતી સમાજના પ્રમુખ સંજય પટેલે જણાવ્યું હતું કે કોરોના સંક્રમણમાં ઘણા લોકોએ તેમના નજીકના અને પ્રિયજનોને ગુમાવ્યા છે, તેમની મદદ માટે એક એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. વૃદ્ધો માટેની પેન્શન યોજના અસરકારક સાબિત થઈ છે. કન્યાદાન યોજના પણ સારી ચાલી રહી છે. આ બંને યોજનાઓ સમાજના દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને લાભ ન મળે ત્યાં સુધી ચાલુ રહેશે. શહેરના લિન્ક રોડ નંબર-૧ પર સમાજનું ગુજરાતી ભવન છે જેમાં ૨૦ રૂમ છે. લગ્ન સમારોહ અને શુભ કાર્યો માટે મકાન, બગીચો અને રૂમ ભાડે આપવામાં આવે છે. આમાંથી થતી આવક સમાજના જરૂરિયાતમંદ વડીલો અને મહિલાઓના ઉત્થાન માટે ખર્ચવામાં આવે છે. જરૂરિયાતમંદ સમુદાયના લોકો માટે ગુજરાતી સમાજ ભવન પરિસરમાં એક કાર્યાલય પણ છે, જેમને મદદની જરૂર હોય તેઓ કાર્યાલયમાં આવીને સમાજના હોદ્દેદારોને મળે છે. સમાજ દ્વારા જરૂરી તપાસ તેમને મદદ કરવામાં આવે છે.

શહેરમાં ગુજરાતી સમાજના લોકોની સંખ્યા ૨૫ હજારથી વધુ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ગુજરાતી સમાજના લોકો વસે છે. ગુજરાતી સમાજ વૃદ્ધો અને દીકરીઓને આર્થિક મદદ કરવા ઉપરાંત રક્તદાન શિબિર, આરોગ્ય શિબિર અને નેત્ર શિબિરોનું આયોજન કરે છે. એપ્રિલ અને મે મહિનામાં, ગુજરાતી સમાજ આઠથી પંદર વર્ષની વયના બાળકો માટે જુડો-કરાટે શિબિર, ચિત્રકામ, નિબંધ લેખન, રમતગમત અને અન્ય સ્પર્ધાઓનું આયોજન કરે છે.

(Source : www.naidunia.com)